વર્ષ ૨૦૨૧ માટે પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈનો સમયગાળો વધારવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૫/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો તા. ૧૭/૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૦૭-૧૩૨-ઝ

(૨) નાણા વિભાગનો તા. ૨૯/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ

(૩) નાણા વિભાગનો તા. ૨૯/૪/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ

(૪) નાણા વિભાગનો તા. ૨૮/૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ

**આમુખ:**

રાજ્ય સરકારના પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ(૧) સામે દર્શાવેલ તા. ૧૭/૯/૨૦૧૨ના ઠરાવથી મે મહિનામાં કરાવવાનું ઠરાવવામાં આવેલ છે. જો મે મહિનામાં હયાતીની ખરાઈ ન કરાવી શકાઈ હોય તો જુલાઈ મહિના સુધીની છુટ આપવામાં આવેલ છે. આ સમયગાળા દરમિયાન હયાતીની ખરાઈ કરાવવામાં પેન્શનર નિષ્ફળ જાય તો તેવા પેન્શનરના કિસ્સામાં પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

કોરોના મહામારીને નિયંત્રણમાં લાવવા માટે સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ નિયંત્રણો તા. ૨૮/૫/૨૦૨૧ સુધી અમલી છે. આથી પેન્શનરોને વાર્ષિક હયાતીની ખરાઈ કરાવવામાં મુશ્કેલી ન પડે તે માટે હયાતીની ખરાઈ કરાવવા માટેનો સમયગાળો લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે જે પેન્શનરો જુલાઈ મહિના સુધીમાં હયાતીની ખરાઈ ન કરાવી શકે તેઓ ઓગસ્ટ મહિનામાં પણ હયાતીની ખરાઈ કરાવી શકશે તે મુજબ ઠરાવવામાં આવે છે.

ઉપરાંત વંચાણે લીધેલ ક્રમ (૨) સામે દર્શાવેલ તા. ૨૯/૫/૨૦૧૭ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારના પેન્શનરો/કુટુંબ પેન્શનરો Jeevan Pramaan Portal (www.jeevanpramaan.gov.in) પર પણ ઓનલાઈન હયાતીની ખરાઈ કરાવી શકે છે. આમ, સને ૨૦૨૧માં ઓગષ્ટ મહિના સુધીમાં હયાતીની ખરાઈ કરાવવામાં પેન્શનર નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં સપ્ટેમ્બર મહિનાથી પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવાનું ઠરાવવામાં આવે છે. આ સૂચના ફક્ત વર્ષ ૨૦૨૧ માટે જ અમલમાં રહેશે.

પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ બાબતે નાણા વિભાગની વખતોવખતની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડીયલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.